**ભારતના 70 માં સ્વતંત્રતા દિવસ પર દમણ-દીવ તથા દાદરા અને નગર હવેલીના માનનીય પ્રશાસક શ્રીમાન વિક્રમ દેવ દત્ત સાહેબનો દીવવાસીઓને નામ સંદેશ**

- પ્રમુખશ્રી,દીવ મ્યુનિસિપાલિટી ,દીવ
- પ્રમુખશ્રી,જિલ્લા પંચાયત –દીવ
- પોલીસ અધિક્ષક,દીવ
- માનનીય સિવિલ જજ અને ચીફ જ્યુડિશિયલ મેજેસ્ટ્રેટ ,દીવ
- દમણ અને દીવના સ્વાતંત્ર્ય સેનાનીઓ
- તમામ રાજકીય પક્ષોના પ્રમુખો અને પ્રતિનિધિઓ,
- દીવના અગ્રણી નાગરિકો,
- સરકરી અધિકારીઓ,
- વ્યાપારી ભાઈઓ,
- પ્રેસ પત્રકાર ભાઈ-બહેનો
- ભાઈઓ-બહેનો........અને પ્રિય બાળકો .....

દેશના ૭૦ માં સ્વતંત્રતા દિવસના અવસર પર હું આ પ્રદેશની તમામ જનતાને મારા હાર્દિક અભિનંદનની સાથે-સાથે શુભકામનાઓ પાઠવું છુ.આજે આપણે સૌ એ મહાન સ્વતંત્રતા સેનાનીઓ અને સૈનિકો પ્રતિ નતમસ્તક છીએ કે જેમના સમર્પણથી આ દેશને આઝાદી મળી,

આવો, આજે આપણે સૌ એ મહાન બહાદુર સૈનિકોને શ્રધ્દ્રાન્જલિ અર્પિત કરીએ કે જેમણે આઝાદીની લડાઈમાં પોતાના જીવનનું બલિદાન આપ્યું .

દેશના નાગરિકોની ભલાઇ,સુવિધા અને શ્રેષ્ઠ શાસન વ્યવસ્થા માટે આપણાં બંધારણમાં અનેક પ્રકારની લક્ષ્યોન્મુખ જોગવાઈ રાખવામા આવેલી છે.આ જોગવાઇને ધ્યાનમાં રાખીને આપણો સંઘ પ્રદેશ ધ્યેય પ્રાપ્તિ માટે ઉમદા પ્રયાસ કરી રહ્યું છે.આપણે ઇચ્છીએ કે દીવ જેવા સુંદર ટાપુનું નાજુક પર્યાવરણ ક્યારેય પણ ક્ષતિગ્રસ્ત ન બને અને તેની સુંદરતા કાયમ માટે જળવાઈ રહે .આપણે સૌ જાણીએ છીએ કે પ્રવાસન અને મત્સ્ય ઉધોગ દીવના લોકોના આજીવિકાના પ્રમુખ ક્ષેત્રો છે.વહીવટીતંત્ર અહીના લોકોના કલ્યાણ માટે આ બે ક્ષેત્રો પર વિશેષ રૂપે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તે ઉપરાંત આરોગ્ય અને શિક્ષણમાં પણ પાયાની મૂળભૂત સુવિધાનો વિકાસ કરી લોકોના કલ્યાણ પ્રત્યે પ્રયત્નશીલ છે.

આજે ,હું પ્રશાસન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલી નવીનત્તમ પ્રગતિ અને વિકાસકાર્યોથી આપ સૌને માહિતગાર કરવા ઇચ્છું છુ.

**પ્રવાસન :-** દમણ અને દીવનું વહીવટીતંત્ર દીવના પ્રવાસનના વિકાસ માટે તેમજ વધુમાં વધુ પર્યટકોને આકર્ષવા માટે અનેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે પ્રયાસ કરી રહ્યું છે.સંઘ પ્રદેશ પ્રશાસન અલગ-અલગ પર્યટન સ્થળોને વધુ ને વધુ સુંદર બનાવવા પર વિશેષ ધ્યાન આપી રહ્યું છે. જેમ કે :- ચોવડ કોલીવાડાથી દીવ ઝાંપા સુધી **"સિટી વોલ ઉપર હેરિટેજ વોક વે "** નું પ્રકાશીકરણ ,જુદા-જુદા બિચો પર સમુદ્ર કિનારે **"Gazebo Victorian "**બેંચો મૂકવી, નાગવા બીચના રસ્તા કિનારે **G.I.Pipe** લગાડવી, રાજુલા સ્ટોનથી નાયડા ગુફાની દીવાલો અને રસ્તાઓનું બાંધકામ ,ચક્રતીર્થ બીચ પર આવેલી **INS KUKHARI** સ્મારકને **Glass Penel** તથા **Roof Shed** નું સમારકામ તથા જુદા જુદા બિચો અને બગીચાઓમા નકશીદાર બેંચો મૂકવાનું કામ પણ પ્રગતિ પર છે.

નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭ દરમિયાન નાગવાબીચ પર નોંધણી કક્ષ તથા સાયકલ સ્ટેન્ડ ડિપો તેમજ દીવ જિલ્લામાં અનેક સ્થાનો પર સાયકલ સ્ટેન્ડ શેડ, ખોડિયાર બીચ પર વોકિંગ ટ્રેક બનાવવા જેવા અનેક કામો કરવામાં આવ્યા .

સંઘ પ્રદેશ દમણ અને દીવ વહીવટીતંત્ર દ્વારા દીવમાં **"Oceanarium"** બનાવવા તેમજ દીવ થી દમણ થઇ મુંબઇ સુધી **"કેટામરીન"** સેવા શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ઉપરાંત દીવને વધુ સુંદર બનાવવા માટે ગંગેશ્વરથી પોથીયાદાદા સુધી **Rope –way** બનાવવા ,દીવ જિલ્લાના વિવિધ બીચોને વિકસાવવા,દીવ કિલ્લામાં **Sound & Light Show** ની પ્રણાલી સ્થાપિત કરવી. દીવ-ઘોઘલા પુલનું પ્રકાશીકરણ અને સૌંદર્યકરણ, પોથીયાદાદાથી નાગવા સર્કલ સુધીના વોક-વે ને પ્રકાશિત કરવું,એહમદપુર માંડવી થી સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ઘોઘલા સુધીના રસ્તા કિનારે કુદરતી દ્રશ્યોવાળી તસ્વીરો લગાડી વધુ સુંદર બનાવવો તથા પાવતી ગામ ખાતે આવેલા તળાવના વિકાસના કામો વિચારાધીન છે.

**મને એ બતાવતા ખૂબ જ ગર્વનો અનુભવ થાય છે કે ૩૦ જુલાઇ -2016 ના લોકસભાના માનનીય અધ્યક્ષા શ્રીમતી સુમિત્રા મહાજન દ્વારા "Best Tourism Film ની શ્રેણી Ilha-De-Calma માટે વર્ષ 2014-15 માટે પ્રશાસનને" રાષ્ટ્રીય પર્યટન પુરસ્કાર " પ્રદાન કરવામાં આવ્યો છે.**

**મત્સ્ય ઉધોગ ક્ષેત્ર :-** જેમ કે આપ સૌ પરિચિત છો કે દીવના લોકોની મુખ્ય કામગીરી મત્સ્ય ઉધોગ સાથે જોડાયેલી છે.દીવની જનતા ની એક મહત્વપૂર્ણ આજીવિકાનું માધ્યમ છે અને દીવના મોટા ભાગના લોકોની આજીવિકા આ ધંધા પર આધારિત છે.એટલા માટે સંઘ પ્રદેશ પ્રશાસનનું મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે હાલની માછીમાર ટેકનિકને આધુનિક બનાવવા તથા સાથે-સાથે તેના પાયાના માળખાગત સુધારો કરી આ ક્ષેત્રને વધુ ફાયદાકારક બનાવવા માટે વહીવટીતંત્ર સતત પ્રયાસ કરી રહયું છે..માછીમારો ભાઈઓને વધુ સગવડ આપવાના હેતુસર હાલ માં **1 કરોડ 04 લાખના** ખર્ચે ઘોઘલા મુકામે એક ડ્રાય-ડોક પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવ્યું.તેનાથી હોડીઓ ને ચઢાવવા અને ઉતારવા માટે સરળતા રહેશે.

આ ઉપરાંત રૂપિયા 15 કરોડના ખર્ચે કાજીમામ ઘોઘલાથી ઘોઘલા બંદર સુધી **Fishing Platform** નું બાંધકામ તથા રૂપિયા 94 લાખના ખર્ચે સાઉદવાડી મુકામે 215 મીટર લાંબા **Fishing Platform** ને 285 મીટર સુધીની લંબાઇ વધારવાનો પણ પ્રસ્તાવ છે.સાથે-સાથે વણાકબારા મુકામે **6 કરોડ 59** લાખના ખર્ચે **92 મીટર લાંબી પાઇલ જેટી** તેમજ **60 લાખના** ખર્ચે સાઉદવાડી ખાતે આવેલી હાલની જેટી ની ઉપરની સપાટીને સુધારવાનું કામ પ્રગતિ પર છે.

ચાલુ નાણાકીય વર્ષ માં 78 લાખના ખર્ચે સાઉદવાડી ખાતે આવેલા હાલના ફિશિંગ પ્લેટફોર્મનું સમારકામ અને તેની મજબૂતીનો પ્રસ્તાવ વિચારધીન છે.

પાકિસ્તાની મરીન એજન્સીઓ દ્વારા પકડાઇ ગયેલા માછીમારો અને બોટ માલિકોને આર્થિક સહાયતા યોજના અંતર્ગત પાકિસ્તાની જેલમાં બંધ દીવ જિલ્લાના 57 માછીમારો ભાઈઓને **01 ફેબ્રુઆરી-2016 થી 30 એપ્રિલ-2016** સુધીના સમયગાળામાં દરમિયાન માછમાર પરિવારોને રોજના **રૂપિયા 200/ લેખે** કુલ 8 લાખ 6 હજાર ની આર્થિક સહાયતા ચૂકવી દેવામાં આવી છે.

"બોટ માલિકોની સુરક્ષા અને સંચાર સાધનો "યોજના અંતર્ગત દીવ જિલ્લાના 20 બોટ માલિકોને **GPS,VHF** અને અન્ય સંચાર સાધનો ખરીદ કરવાના હેતુસર **17 લાખ 88 હજાર** રૂપિયાની સબ્સિડી આપવાના પ્રસ્તાવ વિચારધીન છે.આ યોજના અંતર્ગત પ્રત્યેક બોટ માલિકોને સાધનો ખરીદવા માટે ઓછામાં ઓછી **75 % અને વધુમાં વધુ 01 લાખ 12 હજાર અને 500 રૂપિયા** સુધીની સબ્સિડી આપવામાં આવશે.આ ઉપરાંત **Mechanized Fishing** બોટોમાં મફત ઉપયોગ હેતુ **Distress Alert Transmitter** ખરીદી માટેના ટેન્ડરની પ્રક્રિયા પૂરી કરવામાં આવી છે.આ **Transmitter થી** દરિયામાં આવતી આપત્તિની જાણકારી અગાઉથી પ્રાપ્ત થશે. તેમજ લોકોને બચાવી શકાશે.

ચોમાસાની ઋતુ દરમિયાન ફિશિંગ બોટોને સમુદ્રમાથી ઉપર ચડવા તથા ફરીથી દરિયામાં ઉતારવા માટે બોટ માલિકો/માછીમારો માટે આર્થિક સહાયતા યોજના હેઠળ **836 બોટ** માલિકોને 41 લાખ 74 હજાર રૂપિયાની સબ્સિડી આપવાનો પ્રસ્તાવ જિલ્લા પંચાયત-દીવમાં વિચારધીન છે.આ યોજના અંતર્ગત ક્રેન ભાડા માં 50 % અથવા 5 હજાર રૂપિયા પ્રતિ બોટ આપવામાં આવશે.

"પરંપરાગત કેરોસીનથી ચાલતા OBM એંજિનોને LPG એન્જિન માં પરિવર્તીત" યોજના હેઠળ ઘોઘલાના 07 લાભાર્થીઓને OBM એન્જિન ખરીદવા માટે 08 લાખ 40 હજાર રૂપિયાની આર્થિક સહાયતા આપવાનો પ્રસ્તાવ પણ છે જેનો ટૂક સમયમાં જ અમલ કરવામાં આવશે.

આપણાં સૌ માટે ખૂબ જ ખુશીની વાત છે કે દીવ જિલ્લાના 06 માછીમારો ભાઈઓને માર્ચ-2016 માં પાકિસ્તાની જેલમાથી મુક્ત કરવામાં આવ્યા અને એ તમામ માછીમારો પોતાના ઘરે પહોચી ગયા છે.પાકિસ્તાની જેલમાં બંધ બાકીના 51 માછીમારો ભાઈઓને પાકિસ્તાની જેલમાથી મુક્ત કરાવવા માટે વહીવટીતંત્ર સતત પ્રયન્તશીલ છે.

**<u>બંદર અને લાઇટઘર :-</u>**સંઘ પ્રદેશ પ્રશાસન દમણ અને દીવ પોર્ટ વિસ્તારને વધુ વિકસીત બનાવવાના હેતુસર અનેક પરિયોજનાઓ પર કામ કરી રહ્યું છે.માછીમારો ભાઈઓની સગવડતાને ધ્યાનમાં રાખીને વણાકબારા અને ઘોઘલામાં કેટલીક જગ્યાઓ પર બનાવેલી ડ્રાઈ-ડોક પ્લેટફોર્મોનું સમારકામ અને નવીનીકરણ કરવામાં આવ્યું છે.આ કામો પર 01 કરોડ 60 લાખ રૂપિયાનો ખર્ચ થયો.આ ચોમાસાની ઋતુમાં બોટોને વ્યવસ્થિત રીતે આ પ્લેટફોરમો પર રાખી શકાશે .

ચાલુ વર્ષે,ટૂંગાનોમોર-વણાકબારા ખાતે આવેલી હાલની ઘાટથી લઈને વડીશેરી અને સાઉદ વાડી સુધી ડ્રાઈડોક પ્લેટફોર્મ,પાણીકોઠા કિલ્લાને સમાનાંતર પાઇલ જેટી તેમજ દીવ પેટ્રોલ પંપની પાછળ ફિંગર પાઇલ જેટીના બાંધકામનો પ્રસ્તાવ વિચારધીન છે.આ કાર્યો માટે અંદાજે રૂપિયા 03 કરોડ 50 લાખનો ખર્ચ થવાની સંભાવના છે.

માછીમારીની બોટોને રાત્રિ દરમિયાન દરિયામાં આવન-જાવન માટે સરળતા રહે તે માટે વણાકબારા સ્થિત લાઇટ હાઉસને ઉચ્ચ તીવ્રતાવાળા LED બલ્બથી વિકસિત કરવામાં આવ્યો છે.જેના લીધે માછીમાર ભાઈઓને ઉત્તમ પ્રકારની સગવડતા મળશે.

આ ઉપરાંત ,દીવ **Fortમાં** આવેલા લાઇટ હાઉસને પણ વિકસિત કરી તેની તીવ્રતા પણ LED બલ્બથી વધારવાનો પ્રસ્તાવ છે.

**આરોગ્ય :-**દીવની જનતાને શ્રેષ્ઠ આરોગ્યની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે દીવમાં 27 કરોડ 09 લાખના ખર્ચે 60 પથારીઓવાળી નવી હોસ્પિટલનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે......સમસ્ત દીવવાસીઓ માટે ગૌરવની વાત છે કે આ હોસ્પિટલનું ઉદ્ઘાટન તારીખ:-05-02-2016 ના રોજ ભારતના ગૃહ પ્રધાન માનનનીય શ્રી.રાજનાથ સિંહ જી ના કાર-કમળો દ્વારા કરવામાં આવ્યું.

યોગ અભિયાનને વધુ પ્રભાવશાળી અને લોકપ્રિય બનાવવા માટે પૂરા મનોયોગથી તા.21-06-2016ના રોજ **આંતરરાષ્ટ્રીય યોગ દિવસ** ઉજવવામાં આવ્યો.

માતાઓ –બહેનો ,જો કોઈ અપરાધનો શિકાર થાય,તો તેમને જરૂરી સહાયતા આપવા માટે સરકારી હોસ્પિટલ-દીવમાં **ONE STOP CENTRE (Sakhi)**ની શરૂઆત કરવામાં આવી છે.

દીવ જીલ્લામાં 02 ગાયનોલોજિસ્ટ અને 01 એનેસ્થેટિસ્ટની નિમણૂક કરવામાં આવી છે જેના કારણે સરકારી હોસ્પીટલમાં પસૂતિની સંખ્યામાં વધારો થયો છે.

**<u>શિક્ષણ</u> :-** શિક્ષણ એ માનવીના વિકાસનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે અને વહીવટીતંત્ર શિક્ષણના વિકાસ અને સુધારણા માટે સતત પ્રયત્નશીલ છે.
શિક્ષણની ગુણવત્તા માં સુધારો લાવવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય માધ્યમિક અભિયાન –દીવ દ્વારા દીવ જિલ્લાના 64 સહાયક શિક્ષકોને સેવાકાલીન તાલીમ આપવામાં આવી .

**<u>ઉડાન</u>** યોજના કે અંતર્ગત વર્ષ-2015-16 માટે દીવની સરકારી પોલિટેકનિક તેમજ દીવ જિલ્લાની તમામ ઉચ્ચાતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-11 અભ્યાસ કરતાં 360 વિધાર્થીઓને લેપટોપનું વિતરણ કરવામાં આવ્યું.

શૈક્ષણિક વર્ષ 2015-16 દરમિયાન અનુસૂચિત જાતિ ,અનુસૂચિત જનજાતિ તેમજ અન્ય પછાત વર્ગ તથા અલ્પસંખ્યક વર્ગના 711 વિધાર્થીઓને છાત્રવૃતિરૂપે 01 કરોડ 76 લાખ 50 હજાર રૂપિયા ચૂકવવામાં આવ્યા . દીવ જિલ્લા ની તમામ સરકારી શાળાઓના ધોરણ- 1 થી 10 સુધીના અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને ગણવેશ,પુસ્તકો,.સ્કૂલ બેગ,સ્ટેશનરી,અને બૂટ સાથે મોજા પણ આપવામાં આવ્યા.

જિલ્લા પંચાયત,શિક્ષા વિભાગ હેઠળ શૈક્ષણિક વર્ષ-2016-17 દરમિયાન અંગ્રેજી માધ્યમની 04 સરકારી પ્રાથમિક શાળાઓં શરૂ કરવામાં આવી છે.

દીવ જિલ્લાની કુલ 32 સરકારી તથા સરકારી સહાયતા મેળવતી પ્રાથમિક અને મિડલ શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના સફળતાપૂર્વક ચાલી રહી છે.

મને ,એ વાત આપ સૌની સમક્ષ રજૂ કરતાં અત્યંત ખુશી થાય છે કે ગુજરાત ટેકનિકલ બોર્ડ સાથે જોડાયેલી કુલ 127 પોલિટેકનિકલ સંસ્થાઓમાં દીવ પોલિટેકનિક કોલેજ 72 % સાથે સમગ્ર ગુજરાતમાં 09 મુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ ઉપરાંત 40 કરોડ 27 લાખના ખર્ચે શિક્ષણ સંકૂલ,કેવડીમાં ઓડિટોરિયમ અને અન્ય સુવિધાથી સજ્જ પોલિટેકનિક કોલેજ ભવનનું બાંધકામ તેમજ 48 કરોડ 60 લાખના ખર્ચે સરકારી કોલેજનું બાંધકામ ,09 કરોડ 80 લાખના ખર્ચે સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા(ગર્લ્સ),વણાકબારા તથા સરકારી માધ્યમિક શાળા ,નાગવા નું બાંધકામ પ્રગતિ પર છે.તે ઉપરાંત 10 કરોડ 68 લાખના ખર્ચે પદ્મભૂષણ ક્રીડા સંકુલમાં **SWIMMING POOL** તથા ક્રિકેટ પેવેલિયન ને ફરતે ફેંસિંગનું કામ પ્રગતિ પર છે.

આ વર્ષે દરમિયાન 48 કરોડ 50 લાખના ખર્ચે દીવના Education Hub માં હોસ્ટેલ બિલ્ડીંગ,ડાયરેક્ટર બંગલો,ફેકલ્ટી હાઉસ અને સ્ટાફ માટે અતિથિ ગૃહ બનાવવાનો પ્રસ્તાવ પણ વિચારધીન છે.

આઈ.ટી.આઈ.ઘોઘલામાં વોલીબોલ તથા બાસ્કેટબોલ મેદાનનું બાંધકામ ,ક્રિકેટ મેદાનને સમતલ બનાવા અને ટર્ફ વિકેટ બનાવવી,વડલી માતા સ્કૂલ,વનાકબારા અને દીવ ની સ્કૂલોમાં ચેંજિગ રૂમ બનાવવો ,દીવ જિલ્લાની દરેક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રંગ-રોગાન તથા અન્ય સંબંધિત કાર્યો હાલમાં જ પૂરા કરવામાં આવ્યા.

**ઉર્જા :-** દમણ અને દીવ વહીવટીતંત્ર દીવ જીલ્લામાં અવિરત વીજ પુરવઠો મળી રહે તેના માટે અનેક પ્રકારની પરિયોજના પર કામ કરી રહ્યું છે.દીવ જિલ્લામાં 3 અને 6 મેગાવોટ ના સોલાર પાવર પ્લાન્ટ લગાડવામાં આવ્યા છે અને વીજ પુરવઠો પણ ચાલુ કરી દેવામાં આવેલ છે.સાથે દીવ જિલ્લાની વિવિધ **82** સરકારી ભવનો પર **રૂપ ટફ સોલાર પીવી સિસ્ટમ** સ્થાપિત કરવામાં આવી છે જેનાથી ૧.5 મેગાવોટ વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે. 11 KV High Tension ઓવરહેડ લાઇનનું અંડર ગ્રાઉન્ડ માં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. તેમજ સાઉદવાડી ખાતે એક સ્ટોર રૂમની સાથે એક ફરિયાદકક્ષ અને સંગ્રહ કેન્દ્રનું કામ પ્રગતિ પર છે.

દીવમાં ટૂંક સમયમાં જ પવન-ઉર્જા યોજનાની સ્થાપના કરવામાં આવશે તેના માટે દમણ અને દીવ વિધુત વિભાગ સંભાવનાનો અભ્યાસ માટે એક સલાહકારની નિયુક્તિ કરવામાં આવી છે.

**સ્થાનિક સંસ્થાઓ :-** સ્થાનિક સંસ્થાઓ લોકોના સર્વાંગી વિકાસ અને લાભો માટે અનેક પ્રકારની વિકાસલક્ષી યોજનાઓ સાથે મહત્વપૂર્ણ સ્કીમો પર કામ કરી વિશેષ ભૂમિકા અદા કરી રહ્યું છે.

**દીવ નગર પરિષદ** :- દીવ નગર પરિષદ દ્વારા પચ્ચીસ કરોડ છેતાળીસ લાખ રૂપિયાના ખર્ચે વિકાસની અનેક યોજનાઓ અમલમાં મૂકી છે ..જેવી કે..દીવમાં નવી શાકભાજી અને **Fish Market** નું નિર્માણ,ચક્ર તીર્થ બીચ પર **sunset point** નો વિકાસ, ક્રીડા સંકૂલદીવ તથા બાદોડકાર કોલોની ઘોઘલા માં **જોગિંગ પાર્ક,સ્વિમિંગ પુલ, જિમ્નેશિયમ તેમજ ઈન્ડોર રમતો** નું નિર્માણ કાર્ય ચાલુ છે.

43 કરોડ 64 લાખના ખર્ચે દીવ નાગર પરિષદ વિસ્તારમાં શુદ્ધિકરણ પ્લાન્ટ સાથે ભૂમિગત પાણી નિકાસ યોજના તેમજ નાગર પાલિકા અને પંચાયત વિસ્તારમાં ઘન કચરાના નિકાસ માટેની યોજના ,04 કરોડના ખર્ચે ચંડિકામાતા મંદિર પાસે Heritage Wall પર Viewing deck બનાવવું, તથા 11 કરોડના ખર્ચે ઘોઘલા મિડલ શાળા,કમલેશ્વર મંદિર અને ઘોઘલાં ઝાંપા પાસેની પ્રાથમિક શાળાઓના ભવનોનું નિર્માણ કાર્ય તથા એમાં RET Standard ની આધુનિક સુવિધા ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ વિચારાધીન છે.

દીવને એક પર્યટન સ્થળ ના રૂપ વધુ સુંદર બનાવવાના હેતુથી 13 કરોડ 75 લાખના ખર્ચે દીવ અને ઘોઘલાના બસ સ્ટેન્ડને નવા રૂપે વિકસાવવું તેમજ મીઠાબાવા ઘોઘલા માં **"Anti Sea Errrosion Wall "**બનાવવા તથા તેને સુંદરતા પ્રદાન કરવાનું કામ વિચારાધીન છે.

**29 જુલાઇ-2016ના રોજ** દિલ્હી મુકામે આયોજિત 10 માં સ્માર્ટ સિટી સમ્મેલન માં સ્માર્ટ સિટી પ્રસ્તુતિકરણ માટે દીવ નગરપાલિકાના પ્રમુખશ્રીને સર્વશ્રેષ્ઠ **"સ્પીકર"** તરીકે સન્માનીત કરવામાં આવ્યા તેમજ ભારત સરકારના ઉત્તર-પૂર્વ ક્ષેત્રના વિકાસ રાજ્ય મંત્રી માનનીય શ્રી.જીતેન્દ્ર સિંહના કરકમળો દ્વારા પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો .

**જિલ્લા પંચાયત** :- જિલ્લા પંચાયત-દીવ,વિકાસ હેતુ અલગ-અલગ યોજનાઓ પર કાર્ય કરી રહ્યું છે.જિલ્લા પંચાયતને જુદી -જુદી યોજના હેઠળ 19 કરોડ 20 લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.આ વર્ષ દરમિયાન 4 કરોડ 55 લાખના ખર્ચે જીલા પંચાયત વિસ્તારના રસ્તાઓ પર સિમેન્ટ કોંકરિટ પાથરવી,રસ્તાઓને પહોળા કરવા ,નવી કાર્પેટ પાથરવી, આઝાદ ચોક તથા કાલિકામાતા મંદિર પાસે ફાયબરની બેઠક સંકુલમાં લગાડવી,વૃદ્ધો/વિધવાઓ અને દિવ્યાંગ પુરુષ/મહિલા ને પેન્શન જેવા અનેક પ્રકારના કાર્યો કરવામાં આવ્યા.

બૂચરવાડા  અને ઝોલાવાડી  પંચાયતમાં નવા સ્મશાન પ્લેટફોર્મ બનાવવા,જિલ્લા પંચાયત વિસ્તારના રસ્તાઓ પર ફરીથી **Re-carpating** કરવું ,જીલા પંચાયત વિસ્તારમાં ગટર અને નાળાઓનું નિર્માણ,વણાકબારામાં **સબ્જી માર્કેટ**,સાઉદવાડી ,દગાચી તથા દીવ જિલ્લાના અલગ-અલગ પંચાયત ક્ષેત્રોમાં **12.50 LED HIGH MAST LIGHT** લગાડવી તથા ફાટક નજીક બૂચરવાડા ગામમાં નવા બાળ –ઉદ્યાન બનાવવાનો પ્રસ્તાવ વિચારધીન છે.

ચાલુ વર્ષ દરમિયાન ઝોલાવાડી પંચાયતમાં કૃષિ પ્રશિક્ષણ કેન્દ્ર ભવનનું નિર્માણ ,વણાકબારા તથા સાઉદવાડીમાં જેટી પાસે માછીમારો ભાઈઓ માટે આરામ ગૃહ તેમજ શૌચાલયનું નિર્માણ દીવ દીવ જિલ્લા ના જુદા-જુદા પંચાયત વિસ્તારમાં આધુનિક શૌચાલયોનું નિર્માણ તથા માછીમારીના ધંધા સાથે જોડાયેલી મહિલાઓને ફિશ બોક્સ આપવાનો પણ પ્રસ્તાવ છે.

**નાગરિક ઉડ્ડયન** સ્થાનિક નાગરિકોની સાથે સાથે પ્રવાસીઓને પણ વધુ સારી સુવિધા પૂરી પાડવા વહીવટીતંત્ર તમામ શક્ય પ્રયાસ કરી રહ્યું છે. **2 કરોડ 29 લાખના** ખર્ચે દીવ એરપોર્ટ પર **Strip Lining** ઉપલબ્ધ કરાવવી,ઝાડવાની સાફ-સફાઈ, રન વે નું વિસ્તરણ સાથે એરપોર્ટની દીવાલો ચિત્રોથી સુશોભિત કરવામાં આવી છે.દમણ –દીવ વહીવટી તંત્ર દ્વારા દીવ એરપોર્ટના રન-વે નો વિસ્તાર વધારવા ,એરપોર્ટ ટ્રાફિક કંટ્રોલ ટાવર કમ ટેકનિકલ બ્લોક કમ ફાયર સ્ટેશનનું નિર્માણ એરપોર્ટના બંને છેડા પર **"પ્રિસીજન એપ્રોચ પાથ ઇંડિકેટર** ઉપલબ્ધ કરાવવું **,તેમજ " પેવમેંટ ક્લાસિફિકેશન નંબર જેવા વિવિધ કામો** માટે ભારતીય એરપોર્ટ ઓથોરિટીને સોપી દેવામાં આવ્યા છે.

ચાલુ વર્ષ દરમિયાન એરપોર્ટ –દીવ માં એરોડ્રામ  ટર્મિનલ ભવનનું નિર્માણ તથા તેમાં આંતરિક સુવિધા ઉપલબ્ધ કરાવવાનો પણ પ્રસ્તાવ છે.

**સાર્વજનિક લોક નિર્માણ વિભાગ** :-પ્રશાસન દીવ જિલ્લાના દરેક  લોકોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા માટે નિરંતર પ્રયત્નશીલ છે. 35 કરોડ ના ખર્ચે સરદાર સરોવર આધારિત પાઇપ લાઇન બિછાવી લોકોને નિયમિત પાણી મળી રહે તે પ્રકારના પ્રયાસો ચાલુ છે.જે લગભગ સપ્ટેમ્બર 2016 સુધીમાં પૂરી થઈ જાય તેવી શક્યતા છે.શહેરી વિસ્તારના પંપ હાઉસમાં પમ્પિંગ મશીન ઉપલબ્ધ કરાવી દેવામાં આવેલ છે.

દીવ જિલ્લા માં પાણીની સપ્લાય માટે નવા વોટર ટેંકરો ખરીદ કરવાં આવ્યા છે.શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં "**ઇલેક્ટ્રો મેગ્નેટિક ફ્લો** "મીટર ઉપલબ્ધ કરાવવું અને તેને લગાડવાનું કામ ચાલુ છે. હાલ માં **1 કરોડ 23** લાખના ખર્ચે દીવ જિલ્લાના શહેરી અને ગ્રામીણ રસ્તાઓનું વિસ્તરણ ,મજબૂતીકરણ તથા તેના પર **Re-Carpating** નું કામ પૂરું કરવામાં આવ્યું છે.

ઉપરાંત, **14 કરોડ 57 લાખના** ખર્ચે તડ ક્રિક પાસે એક વધારાના નવા પૂલનું નિર્માણ ,નાગવા –વણાકબારા રસ્તાની કિનારે **Walking Track** બનાવવું, ,ફૂદમ ગામમાં સોલાર પ્લાન્ટ સાઇટ સુધી અને ફૂદમ ગામમાં અંદર ડામર રોડ બનાવવો, ,વણાકબારા ગોમતીમાતાથી મુખ્ય રસ્તાના કિનારે પોલીસ ચોકી તથા જેટી સુધી સિમેન્ટ કોંકરીટનો રસ્તો બનાવવાનું કામ ચાલુ છે

આ ઉપરાંત **9 કરોડ 59 લાખના** ખર્ચે ઘોઘલા મિડલ સ્કૂલની પાછળના ભાગથી સ્મશાન સુધી **Waking Track** ,મલાલા જંકશનથી બૂચરવાડા ફાટક થઈ વણાકબારા સુધી રસ્તાનું બાંધકામ,દીવ બસ સ્ટેન્ડ થી લઈ ને મલાલા સુધીના રસ્તા પર **Re-Carpating** નું કામ,ઘોઘલા મિડલ સ્કૂલથી સ્મશાન સુધીના રસ્તાનું સમારકામ અને તેના સૌંદર્યકરણનું કામ ,હોટેલ કોહિનૂર જંકશનથી લઈ ને નાગવા સુધીના સાયકલ ટ્રેક પર પ્રકાશીકરણ  જેવા કામો વિચારધીન છે.

**સૂચના અને પ્રોધ્યોગિકરણ** ના ક્ષેત્રમાં દીવમાં ઘણી પ્રગતિ થઇ છે.વહીવટીતંત્ર દ્વારા આ દિશામાં કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે.દીવમાં ઘોઘલા,ઝોલાવાડી સાઉદવાડી અને ફૂદમ એમ કુલ 04 સ્થાનો પર સરળ સેવા કેન્દ્રો ખોલવામાં આવ્યા છે.આ કેન્દ્રો પર દીવની પ્રજા વીજળીબિલ ભરી શકશે,,રેલ્વે ટિકિટ બુકિંગ કરાવી શકશે ,જમીનનો રેકોર્ડ મેળવી શકશે વગેરે જેવી અનેક સેવાઓનો લાભ લઇ શકે છે.

નાગવા બીચ પર પર્યટકો ને ઇન્ટરનેટનો લાભ મળી રહે તે માટે પ્રશાસન તરફથી **Free wifi** સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે.

**પોલીસ :-** આપ સૌ જાણો છો કે દીવ એક શાંતિ પ્રિય પ્રદેશ છે જ્યાં કાનૂન અને વ્યવસ્થા હમેશા નિયંત્રિત છે. સંઘ પ્રદેશ દમણ અને દીવ દરિયા કિનારાની સંરક્ષણ વ્યવસ્થા મજબૂત કરવામાં માટે પ્રયત્નશીલ છે. આ દિશામાં **05 ફેબ્રુઆરી-2016** ના રોજ ભારતના માનનીય ગૃહ મંત્રી **શ્રીમાન રાજનાથ સિંહ જી** ના કરકમળો દ્વારા વણાકબારામાં એક કોસ્ટલ પોલીસ સ્ટેશનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.દીવમાં કોસ્ટલ બોટ જેટીનું નિર્માણ ટૂંક સમયમાં પૂરું કરવામાં આવશે. દીવ જીલ્લામાં કાનૂન અને વ્યવસ્થા કાયમ બનાવી રાખવા માટે પોલીસ કર્મચારીઓ નિયમિત દિવસ રાત પેટ્રોલીંગ કરી રહી રહ્યા છે.

આજના આ ઐતિહાસિક અવસર પર મારી વાણી ને વિરામ આપતા પહેલા હું,દીવની જનતાને અપીલ કરું છુ કે બંધારણમાં દર્શાવેલ આદર્શોને પ્રાપ્ત કરવા માટે દરેક નાગરિક ભાઈચારો,સહકાર,સહયોગ અને સમર્પણની ભાવના સાથે સર્વશ્રેષ્ઠ સહકાર અર્પિત કરે . જે લોકતંત્રની સૌથી ઉત્તમ સેવા ગણાશે.

હું, આ અવસર પર ફરીથી દીવની જનતાને 70 માં સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભકામના પાઠવું છુ.સાથે –સાથે આપ સૌના સુખ,સમૃદ્ધિ અને શાંતિની કામના કરું છું .

આવો , આપણે સૌ સાથે મળીને આપણાં લક્ષ્યને પ્રાપ્ત કરવા પ્રયાસ કરીએ.

**જય હિન્દ**